| | |
|---|---|
| | દાખલ થયા તારીખ–૦૭/૦૧/૨૦૨૬ |
| | રજીસ્ટર થયા તારીખ–૦૭/૦૧/૨૦૨૬ |
| | જાહેર કર્યા તારીખ–૦૭/૦૩/૨૦૨૬ |
| | સમયગાળો : વર્ષ : ૦૦, મહિના : ૦૨, દિવસ:૦૦ |

सत्यमेव जयते

**<u>મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ તિલકવાડા, જી.નર્મદા</u>**

ક્રિમીનલ કેસ નંબર–૧૩૦/૨૦૨૬
આંક–

ફરીયાદી: સરકારશ્રી

**વિરૂધ્ધ**

આરોપી: અનિલભાઈ ઉમેદભાઈ ભીલ
રહે.પાલા પટેલ ફળીયુ,તા.નસવાડી,જી.છોટાઉદેપુર

ગુનો: બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની
કલમ–૩, ૧૮૧,૧૭૭,૧૮૪ મુજબ

---

ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા
આરોપી તરફે વિ.વ.શ્રી પી.એન.રોહિત

---

**<u>જજમેન્ટ</u>**

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૯/૦૦ વાગે મોજે ગોધામ ચેક પોસ્ટ હાઇવે રોડ ઉપર પોતાના કબ્જાની હોંડા કંપનીની સુપર સ્પેલ્ડર મો.સા.નં. GJ–૩૪–Q–૩૧૨૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે બીજાની જાનને જોખમમા મુકે તે રીતે ચલાવી લાવી મોટર સાઇકલ ચલાવવાનું લાયસન્સ

(૨) આંક–૮ થી અસલ ફરીયાદ

(૩) આંક–૯ થી એસ.આઈ.ડી.સર્ટી

(૪) આંક–૧૦ થી સી.સેકશન ૬૩(૪)(સી)

**(૪)** ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલી છે. રજુ થયેલ પુરાવા તથા દલીલોના અંતે મારા ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૨/૦૯/૨૦૨૫ ના રોજ કલાક ૧૯/૦૦ વાગે મોજે ગોધામ ચેક પોસ્ટ હાઈવે રોડ ઉપર પોતાના કબ્જાની હોંડા કંપનીની સુપર સ્પેલ્ડર મો.સા.નં. GJ–૩૪–Q–૩૧૨૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે બીજાની જાનને જોખમમા મુકે તે રીતે ચલાવી લાવી મોટર સાઇકલ ચલાવવાનું લાયસન્સ નહી રાખી વાહન ચેકીંગ દરમ્યાન પકડાઇ જઇ ,બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ–૩,૧૮૧,૧૭૭,૧૮૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછી આપેલ છે.

૧. નકારમાં,
૨. આખરી હુકમ

